12922-55

ક્રમાંક/ડાયટ/વસ્તી/ રોલપ્લે/ ૨૦૧૯-૨૦

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

પાલનપુર

તા.૨૯/૦૭/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,સરકારી માધ્યમિક શાળા, તમામ

કે.જી.બી.વી. તમામ...

જિલ્લો- બનાસકાંઠા

**વિષય :- રાષ્ટ્રીય રોલ-પ્લે સ્પર્ધા (National Role Play Competition) યોજવા બાબત...**

**સંદર્ભ :- ક્રમાંક/જીસીઇઆરટી/PEC/2019 /18633-58 તા. ૨૪/૦૭/૧૯ નો પત્ર**

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, NCERT,New Delhi ના NPEP વિભાગ દ્વારા (NationalRolePlayCompetitionનું આયોજન કરવા જણાવવામાંઆવેલ છે. આ કાર્યક્રમની કડીના ભાગરૂપે જિલ્લાની રોલપ્લે સૌપ્રથમ શાળાકક્ષાએ, ક્યુડીસી કક્ષાએ ભાગીદારી નોંધાવી એસવીએસ કક્ષાએ સ્પર્ધા યોજી પ્રથમ વિજેતા કૃતિને જિલ્લા કક્ષાએ ભાગીદાર નોંધાવવાની થાય છે. રાજયકક્ષાએ પસંદ થયેલ ટીમને રાષ્ટ્રીય કક્ષાએ મોકલવામાં આવનાર છે.

આ સ્પર્ધા માટે જિલ્લામાં આવેલી સરકારી માધ્યમિક શાળાના અને કેજીબીવી ના ધોરણ -૯ ના વિદ્યાર્થીઓને પસંદ કરવા ના થાય છે. જે અંગેના નિતિ-નિયમો /વિગતો નીચે મુજબ છે.

- **શાળા કક્ષાએ તા. ૩૧/૦૭/૧૯ સુધી યોજવાની રહેશે.**
- **જે માટે સર્વપ્રથમ કયુડિસી કક્ષાએ તા. ૦૫/૦૮/૨૦૧૯ સુધી યોજવાની રહેશે.**
- **ક્યુડીસી કક્ષાએથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ વિજેતા શાળાએ એસ.વી.એસ. કક્ષાએ**
- **તા. ૦૮/૦૮/૨૦૧૯સુધી યોજવાની રહેશે.**
- **એસ.વી.એસ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ વિજેતા શાળાની એન્ટ્રી નિયત નમુનામાં**
- **તા. ૧૩/૦૮/૨૦૧૯ સુધી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુરને મોકલી આપવાની રહેશે.**

**જિલ્લા કક્ષાની સ્પર્ધા ૧૬/૦૮/૧૯ના રોજ યોજાશે.**

**નોંધ:- ક્યુડીસી,એસવીએસમાં એક એન્ટ્રી હશે તો સીધી જિલ્લા કક્ષાએ ભાગીદારી નોંધવી શકશે.**

**સ્થળ : આદર્શ નિવાસી શાળા, પાલનપુર**

**એસ.વી.એસ.કક્ષાની પ્રથમ વિજેતા શાળાએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે.**

**૧. રાષ્ટ્રીય રોલ-પ્લે સ્પર્ધાનો વિષય :**

(૧) પોષક આહાર અને સુખાકારી (૨)વ્યકતિગત સલામતિ (શારીરિક, માનસિક, ભાવાત્મક,તથા જાતીય)

(૩) મિડીયા લીટરેસી,ગેજેટ અને ઇંટરનેટના સુરક્ષિત ઉપયોગ

(૪) નશીલા દ્રવ્યોનો દુરૂપયોગ કારણ અને નિવારણ

Scanned by CamScanner

Scanned by CamScanner

૨. **સ્પર્ધા માટેની ભાષા :**

(૧)હિન્દી (૨)અંગ્રેજી(૩)ગુજરાતી (જયારે ઝોન તેમજ રાષ્ટ્રીય કક્ષાએ હિન્દી અથવા અંગજી રહેશે.)

૩. **સમય મર્યાદા :**

દરેક વકતા(ટીમ) માટે ૫ થી ૬ મિનિટ

૪. **વોર્નીંગ :**

ટીમને રોલ–પ્લે માટે ૫ મિનિટ થશે, ત્યારે વોર્નીંગ બેલ વગાડવામાં આવશે. પછી ૧ મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે.

૫. **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ :**

સરકારી માધ્યમિક શાળાના ધોરણ–૯ ના વિદ્યાર્થીઓ અને કેજીબીવીની વિદ્યાર્થીનીઓ માટે

૬. **સ્પર્ધાની ટીમના સભ્યો : (વિદ્યાર્થીઓ)**

વધુમાં વધુ ૪ થી ૫ (કુમાર / કન્યા)

૭. **નિર્ણય બાબત :**

નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે. તે નિર્ણય તમામ સ્પર્ધકો અને સંસ્થાને બંધનકર્તા રહેશે.

૮. **શાળા કયુડીસી / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા :**

૧. શાળા કક્ષાએ આ સ્પર્ધામાં ધોરણ–૯ના વિદ્યાર્થીઓ દર્શાવેલ વિષયને લક્ષમાં રાખી ભજવશે.

૨. શાળા કક્ષાએ ભાગ લેનાર ટીમના સ્પર્ધકોના નામ, શાળાનું નામ, સરનામું, ઘરનું સરનામું,પીનકોડ નંબર સાથે મોબાઈલ અને ફોનનંબર સાથે સંપૂર્ણ વિગત કયુડીસી કક્ષાએ અને કયુડીસી કક્ષાએ વિજેતા નામ એસ.વી.એસ.કક્ષાએ અને એસ.વી.એસ.ની વિજેતા શાળાની માહિતી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાલનપુરની ડી.આર.યુ શાખા જોગ મોકલવાની રહેશે.

૯. **જિલ્લા કક્ષાની સ્પર્ધા :**

| | |
|---|---|
| સ્થળ | :– આદર્શ નિવાસી શાળા, પાલનપુર, આરટીઓ કચેરી પાસે |
| તારીખ | :–૧૬/૦૮/૧૯ |
| સમય | :– ૧૦.૩૦ કલાકે થી .... |

૧૦. **નિર્ણાયક બાબતે :** નિર્ણાયકોની સંખ્યા ત્રણ રહેશે. જેમાં એક સ્ત્રી નિર્ણાયક રહેશે.

૧.કયુડીસી કક્ષાએ : (૧) આચાર્ય (૨) અન્ય શાળાના આચાર્યશ્રી તથા આચાર્યશ્રી દ્વારા નિયુકત થયેલ એક શિક્ષક.

૨.એસ.વી.એસ કક્ષાએ : (૧) એસ.વી.એસ કન્વીનરશ્રી (૨) અન્ય શાળાના આચાર્યશ્રી તથ આચાર્યશ્રી દ્વારા નિયુકત થયેલ એક શિક્ષક.

૨.જિલ્લા કક્ષાએ : (૧) પ્રાચાર્ય અથવા જિલ્લા શિક્ષણાધિકારી (૨) તારુણ્ય શિક્ષણના અનુભવી શિક્ષક અથવા આરોગ્ય શિક્ષણના તજજ્ઞ (૩) લલિતકળા ક્ષેત્રની અનુભવી એક વ્યકિત

૧૧. **સ્પર્ધાની ગુણાંકન પધ્ધતિ :**

| | | |
|---|---|---|
| ૧ | ગુણાત્મક વિસ્તાર | ૨૫ ગુણ |
| ૨ | રોલ–પ્લેની રજૂઆત/અભિવ્યકિત | ૨૫ ગુણ |
| ૩ | રોલ–પ્લેમાં જીવનકૌશલ્યોનું પ્રતિબિંબ | ૪૦ ગુણ |
| ૪ | રોલ–પ્લે અને પ્રેક્ષકો વચ્ચે મૂલ્યાંકનની અસરકારકતા | ૧૦ ગુણ |
| | કુલ : | ૧૦૦ ગુણ |

Scanned by CamScanner

Scanned by CamScanner

ક્યુડીસી અને એસ.વી.એસ.કક્ષાએ ઉપરોકત ગુણાંકન મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે. જેની એક નકલ ડાયટ, પાલનપુરને મોકલવાની રહેશે.

૧૨. સ્પર્ધાનો ખર્ચ :

૧. ક્યુડીસી / એસ.વી.એસ. કક્ષાએ :– સ્પર્ધાના આયોજનનો કોઈ ખર્ચ ગળવાપાત્ર નથી

૨. જિલ્લા કક્ષાએ :– જિલ્લા કક્ષાએ ટીમ લઈને આવનાર ૨ (બે) શિક્ષકશ્રીને નિયમાનુસાર ટી.એ./ડી.એ.ભાગલેનાર વિદ્યાર્થીઓને બસભાડુ (આવતાં–જતાં), નિર્ણાયક તજજ્ઞશ્રીને ટી.એ. તથા માનદ વેતન નિયમાનુસાર ચુકવવામાં આવશે.

- પ્રમાણપત્રો :– જિલ્લા કક્ષાએ ભાગલેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ઈનામ :– જિલ્લામાં પ્રથમ આવનાર ટીમને રૂા.૩૦૦/–, દ્વિતીય આવનાર ટીમને ૨૦૦/–તથા તૃતીય આવનાર ટીમને ૧૫૦/– ઈનામ આપવામાં આવશે.

૧૩. જિલ્લા કક્ષાએ માહિતી / માર્ગદર્શન માટે સંપર્ક નંબર ૯૪૨૬૩ ૫૯૩૯૨.

૧૪. જિલ્લાની વિજેતા ટીમે રાજ્ય કક્ષાએ યોજનાર સ્પર્ધામાં અચૂક ભાગલેવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પાલનપુર બનાસકાંઠા

ક્રમાંક / ૪૦૪૯૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૬-૦૯-૨૦૧૯

- નકલ રવાના કરી તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા.
અને ઉ.મા શાળાઓ તમામ,

Scanned by CamScanner